# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક :નેહલ ઠક્કર

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૨૪-૦૫-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## લોકસભા ચુંટણી :

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે આવતીકાલે થનારા મતદાનને લઈને તૈયારીઓને અંતિમ ઓપ અપાયો છે.

આ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશ સહિતની કુલ 58 બેઠકો માટે મતદાન થવાનું છે.જેમાં બિહારની 8,હરિયાણાની 10,જમ્મૂ કાશ્મીરની 1,ઝારખઁડની 4,દિલ્હીની 7,ઓડિશાની 6,ઉત્તર પ્રદેશની 14 અને પશ્ચિમ બંગાળની 8 લોકસભા બેઠકો માટે મતદાન થશે. આ બેઠકો પર 889 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

**RNU અમદાવાદ**

---

## રાજ્ય-રેડ,ઓરેન્જ એલર્ટ :

હવામાન વિભાગે અમદાવાદ સહિત ગુજરાતમાં આજે પણ રેડ એલર્ટની આગાહી કરી છે.અમદાવાદમાં આજે અને કાલે બે દિવસ આ રેડ એલર્ટ છે.જ્યારે સૌરાષ્ટ્ર કચ્છમાં  આજથી 26મી મે સુધી ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.જ્યારે 27 અને 28મી મેના રોજ યલો એલર્ટ જાહેર કરાયું છે.આ સમયગાળા દરમિયાન

લોકોને સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી છે.તેમજ કોઇપણ અગત્યના કામ સિવાય બહાર ન નિકળવાનું પણ સૂચન કરવામાં આવ્યું છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------------------------

## ભીષણ ગરમી-કોચિંગ સંસ્થાઓ :

રાજ્યમાં ભીષણ ગરમીને ધ્યાનમાં લઇને ફેડરેશન ઓફ એકેડમીક એસોસિએશન,ગુજરાતે ઘટક સંઘો અને કોર કમિટી સાથે ઘનિષ્ટ ચર્ચા કરીને સમગ્ર ગુજરાતની કોચિંગ સંસ્થાઓએ આગામી પાંચ દિવસ સુધી બપોરે ૧૨ થી ૪ દરમિયાન શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો નિર્ણય કર્યો છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------------------------

## કચ્છ મત ગણતરી તાલીમ - :

લોકસભા ચૂંટણીની મત ગણતરીના આડે હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે.ત્યારે મત ગણતરી સ્ટાફના પ્રથમ રેન્ડમાઈઝેશન બાદ ૨૭મી મેના રોજ દરેક વિધાનસભા ક્ષેત્રમાં મત ગણતરી સ્ટાફને તાલીમ આપવાનું આયોજન કરાયું છે.ત્યારે ભુજના ટાઉનહોલ ખાતે આગામી તા.૨ જૂનના તાલીમ અપાશે.

**NP-નેહલ ઠક્કર**

-----------------------------------------------------------------------------------------

## આરટીઈ :

આરટીઇ હેઠળ પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. પ્રથમ બે રાઉન્ડને અંતે પાંચ હજાર **873** ખાલી જગ્યા પડેલ છે.બિનઅનુદાનિત શાળાઓમાં હવે આ ખાલી પડેલી જગ્યાઓ માટે પુનઃ પસંદગી માટેની પ્રક્રિયા દાથ ધરાઇ છે.ત્યારે આરટીઇ હેઠળ જેમની અરજી સ્વીકારાઇ હોય અને પ્રવેશની પસંદગીની ફરી વાર તક આપવામા આવે છે.આ માટે આજથી **26** મે સુધી વેબ પોર્ટલ પર અરજી કરવાની રહેશે.

**RNU અમદાવાદ**

---

## રાજ્ય-સ્માર્ટ મીટર :

સમગ્ર રાજ્યમાં સ્માર્ટ વીજ મીટરના વિવાદ વચ્ચે ઉર્જા વિભાગે રિચાર્જમાં જૂના પેન્ડિંગ બિલની રકમ ન લેવાનો નિર્ણય કર્યો હતો. તેમજ જૂના પેન્ડિંગ બીલની રકમ અલગથી વસૂલવાનો આદેશ કરાયો છે.જૂના બિલનાં કારણે લોકોને ગેરસમજ થઈ હોવાનું તારણ બહાર આવ્યું છે.જૂના પેન્ડિંગ બિલની રકમ 180 હપ્તામાં વસુલવામાં આવશે.સ્માર્ટ મીટરનાં દૈનિક વપરાશની સાથે એક-એક દિવસનું પેન્ડિંગ બિલ ઉમેરી રકમ કપાતી હતી.જેનાં કારણે ગ્રાહકોમાં ગેરસમજ ઉભી થઈ હોવાનું તારણ બહાર આવ્યું છે.

**RNU અમદાવાદ**

---

## ગાંધીધામ-આઈ.ટી.આઈ પ્રવેશ :

ગાંધીધામ આઇ.ટી.આઇ સહિતની જિલ્લાની તાલુકાકક્ષાની ૧૧ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં પ્રવેશ માટે ૧૩ જુન સુધી પ્રવેશ પ્રક્રિયા યોજાશે.ધો.૧૦ પછી બે વર્ષનો કોર્ષ કરેલા તાલીમાર્થીઓ ધોરણ ૧૨ની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરી ધોરણ-૧૨ પાસ સમકક્ષ સર્ટિફિકેટ મેળવી શકે છે.પ્રવેશ ઇચ્છુક તમામ ઉમેદવારો

ઔદ્યોગિક તાલીમ સંસ્થાની રૂબરૂ મુલાકાત લઇ એડમિશન અંગેની પ્રક્રિયા કરી લેવા આચાર્યશ્રી,ઔદ્યોગિક તાલીમ સંસ્થા,ગાંધીધામની અખબારીયાદીમાં જણાવાયું છે.

**માહિતી ખાતું**

---

## IPL :

**આજે IPLના બીજા ફાઇનલિસ્ટ માટે ક્વૉલિફાયર-2 મેચમાં રાજસ્થાન રોયલ્સ અને સનરાઇઝર્સ હૈદારાબાદ વચ્ચે મુકાબલો થશે.ચેન્નઈના એમ.એ ચિદમ્બરમ સ્ટેડિયમમાં આ મેચ રમાશે. બંને ટીમો વચ્ચે અત્યાર સુધીમાં 19 મેચ રમાઈ છે,જેમાંથી સનરાઇઝર્સે હૈદરાબાદે 10...જ્યારે કે રાજસ્થાન રોયલ્સે 9 મેચ જીતી છે.**

**RNU અમદાવાદ**

---

## અકસ્માત :

પૂર્વ કચ્છના ભચાઉના લાકડિયા-સામખિયાળી વચ્ચે ટ્રેલર અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ટ્રેલરની ટક્કર લાગતા ટ્રોલી સાથે ટ્રેક્ટર આખું પલટી ગયું હતું.આ અકસ્માતમાં ટ્રોલીમાં સવાર એક જ ગામના ત્રણ લોકોના મોત થયા છે.જ્યારે ટ્રેક્ટર ચાલકને સામાન્ય ઈજા પહોંચી હતી.

**NP-નેહલ ઠક્કર**

---